આકાશવાણી, અમદાવાદ

19-11-2026 Midday: 2.30 to 2.35 pm

Thursday Regional News

CM DAHOD VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના ત્રણ દિવસના પ્રવાસના બીજા દિવસે આજે ધાનપુર તાલુકાની મુલાકાત લીધી. તેમણે રતનમહાલના જંગલની વચ્ચે આવેલા ભુવેરો ગામના પ્રાચીન બાબાદેવના સ્થાનકે પહોંચી દર્શન કર્યા. આદિવાસી સમુદાયની ધાર્મિક આસ્થા, પરંપરા અને સંસ્કૃતિના પ્રતીક સમાન આ સ્થાનકે મુખ્યમંત્રીએ ગ્રામજનો સાથે જમીન પર બેસીને સંવાદ કર્યો હતો. તેમજ ગ્રામજનોની વાતો અને સ્થાનિક પ્રશ્નો સાંભળ્યા.

વધુમાં શ્રી પટેલે સખી મંડળની મહિલાઓ દ્વારા પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનો, ખજૂરીના પાનમાંથી બનાવેલી છાબડી, હર્બલ સાબુ, તીર કમાન જેવી બનાવટો પ્રદર્શિત કરતા સ્ટોલની મુલાકાત પણ લીધી હતી.

HEALTH TEAM ACTION

આરોગ્ય વિભાગ દ્વારા આજથી રાજ્યભરમાં રાષ્ટ્રીય રાજમાર્ગ અને રાજ્યના મુખ્ય રાજમાર્ગ પર આવેલી હૉટેલ-રેસ્ટોરાં અને ઢાબાની તપાસનો પ્રારંભ કરાયો. ભેળસેળ કરનારા અને અસ્વચ્છ એકમો સામે ઑપરેશન હેલ્થ અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા સઘન તપાસ કરાશે. આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ લોકોના આરોગ્ય સાથે ચેડાં ચલાવી નહીં લેવાય તેવી સ્પષ્ટ ચેતવણી આપી છે.

JMR SAHAYTA SETU PROG

જામનગરમાં વાયુસેના મથક ખાતે 24 મિત્ર દેશોની સહભાગિતા સાથે યોજાયેલી બહુરાષ્ટ્રીય માનવતાવાદી સહાય આપત્તિ રાહત કવાયત સહાયતા સેતુનું આજે સમાપન થયું. આ કવાયતમાં ભારતીય વાયુસેના સહિત વિવિધ સંરક્ષણ દળો અને રાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા આપત્તિ સમયે બચાવ, રાહત અને પુનઃસ્થાપન કામગીરીનું નિદર્શન કરાયું હતું. આજના મુખ્ય કાર્યક્રમમાં સ્ટેટિક પ્રદર્શન અને F.I.C.C.I. પ્રદર્શની તેમજ વિવિધ એજન્સીઓની ક્ષમતાઓનું નિદર્શન થયું.

વાર્ષિક સંયુક્ત માનવીય મદદ અને આપત્તિ રાહત અભ્યાસ – 2026 સહાયતા સેતુના ત્રીજા અને છેલ્લા દિવસે સંબોધન કરતાં ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ CDS જનરલ એન. એસ. રાજા સુબ્રમણિએ કહ્યું, માનવીય મદદ અને આપત્તિ રાહત દેશ અને વ્યાપક પડોશી ક્ષેત્રમાં માનવીય સુરક્ષા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે કહ્યું, માનવીય સહાયતા અને આપત્તિ રાહત ક્ષેત્રમાં ભારતનો ટ્રસ્ટિકોણ પડોશી પ્રથમ નીતિ અને વિઝન મહાસાગરની કલ્પનાથી પ્રેરિત છે.
સહાયતા સેતુ દરમિયાન ઉપસ્થિત વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ પત્રકારો સાથે વાતચીત કરતા સૈન્ય દળોની પ્રશંસા કરી હતી.

ALL INDIA POLICE BADMINTON CLUSTER 2026-27

વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર 2026-27નો શાનદાર પ્રારંભ થયો. રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકના અધ્યક્ષસ્થાને ટૂર્નામેન્ટનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો. 10 કેન્દ્રીય પોલીસ સંગઠનો, 24 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 38 ટીમો બેડમિન્ટન અને ટેબલ ટેનિસમાં કૌશલ્ય દાખવશે.

રાજ્ય પોલીસ વડા જી.એસ. મલિકે જણાવ્યુ કે તણાવપૂર્ણ ફરજ વચ્ચે રમતગમત એ માત્ર મનોરંજન નહીં, પણ અનિવાર્ય આવશ્યકતા છે અને પોલીસ દળો વચ્ચે સંકલન, ટીમ ભાવના અને ઉત્સાહવર્ધન માટે આ પ્રકારની સ્પર્ધાઓ મહત્વપૂર્ણ સાબિત થશે.

BVR ST DEP INCOME

દિવાળીના તહેવારો દરમિયાન ભાવનગર એસ. ટી. વિભાગને 54 લાખ રૂપિયાથી વધુની આવક થઈ. આઠ ડેપો દ્વારા 561 વધારાના ફેરાનું સંચાલન કરી 22 હજાર 56 મુસાફરોને મુસાફરીની સુવિધા અપાઈ. દરમિયાન એક પણ વાહનમાં યાંત્રિક ખામી ન સર્જાતા અને મુસાફરોને સુખદ સુવિધા પૂરી પાડવામાં સફળતા મળતા વિભાગીય નિયામકે સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા.